જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

# HAPPY NEW YEAR

તા.૨૬/૧૦/૨૦૨૨ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૯૨૫/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૦૮ લીટર દેશી દારૂ, ૪૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ** **સમાચાર યાદી નં.૧૯૨૮/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સીટીઃ** ડો.નિલેશભાઇ કાંતિલાલ બાવીસી (ઉ.વ.૫૭)(રહે.મોતિકુંજ સોસાયટી, ઈશ્વરભુવન પાસે, નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અજાણ્યા વોટ્સએપ નંબર +૧૨૫૩૨૨૭૫૩૪૬ પરથી મેસેજ કરનાર અજાણી વ્યક્તિએ ડૉ.નિલેશભાઇના જીજાજી ડો.રમેશભાઇ કોઠારીના ફોટાનો વોટ્સએપ પ્રોફાઇલમાં ઉપયોગ કરી, ડૉ.નિલેશભાઇના જીજાજીના નામથી ડૉ.નિલેશભાઇને ખોટી રીતે મેસેજ કરી, તેમની પાસેથી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- મેળવી લઇ, ડૉ.નિલેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૯૨૯/૨૦૨૨**

**સરદારનગરઃ** પલકકુમાર સુરેશભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે,રમ્યકુંજ સોસાયટી ગેલેક્ષી સિનેમાની સામે ઉમા સ્કુલ રોડ આઇ.ટી.આઇ રોડ નરોડા કુબેરનગર) એ તા.૨૫/૧૦/૨૦૨૨ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૨ ના કલાક ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પલકકુમારના ઘરની બારીની જાળી અને કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી (૧) સોનાના નેકલેસ તેમજ બુટી સાથેના સેટ નંગ-૨ કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- (૨) સોનાની બુટી નંગ-૨ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- અને (૩) રોકડા રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ સિનિ. પો.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ                    સમાચાર યાદી નં.૧૯૩૦/૨૦૨૨

**નરોડાઃ** શૈલેન્દ્રસિહ બલવિરસિહ રાવ (ઉ.વ.૫૪)(રહે.ગણેશવાટીકા સોસાયટી સપ્તક વિહાર સોસાયટી પાસે વિઠ્ઠલપ્લાઝા પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નરોડા સધીમાતાના મંદીર રોડ ઉપર આવેલ પ્રમુખ હોસ્પીટલની આગળ રોડ ઉપરથી શૈલેન્દ્રસિંહ નાઓ ચાલતા-ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભેગામળી શૈલેન્દ્રસિહના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

**ઓઢવઃ** પંકજકુમાર બાબુલાલ પંચાલ (ઉ.વ.૪૭)(રહે.વિરાટનગર સોસાયટી ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૨ ના કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર ચાર રસ્તા થી આવતા વિરાટનગર સોસાયટી ના બિજા નંબરના ગેટ આગળ એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભેગામળી પંકજકુમારના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

## આત્મહત્યાઃ                    સમાચાર યાદી નં.૧૯૩૧/૨૦૨૨

**સાબરમતીઃ** રેખાબહેન વા/ઓ રજનીકાંતભાઇ શર્મા (ઉ.વ.૪૨)(રહે.શિલ્પા સોસાયટી વલ્લભપાર્ક સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

**વેજલપુરઃ** રિંકુબહેન વા/ઓ સચીનભાઇ પરમાર (ઉ.વ.૨૨)(રહે.શિવાલય એપાર્ટમેંટ વિભાગ-૦૩ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૨ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.શેખ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી